# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives



PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ  છે.

**May 2025 | Issue No. 66 | A monthly newsletter**

"સમાવિષ્ટ સમુદાય તરફની અમારી સફરમાં આપનું સ્વાગત છે"

સ્નેહી વાચક મિત્રો, પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન  દ્વારા સમાવેશી સમુદાયની સફરના પ્રયાસોની અહી ઝાંખીને પ્રસ્તુત કરી રહ્યા છીએ. આ કાર્યના સમૃદ્ધ અનુભવનો આપ અહેસાસ કરી શકો તથા આપ દ્વારા આ દિશામાં અમોને સતત સહયોગ અને અભિપ્રાય મળી રહે તેવી અપેક્ષા છે.

અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

## શીખવવાનો અને શીખવાનો અદ્ભુત સમન્વય નો પર્યાય એટલે સમર કેમ્પ

દરેક સમર કેમ્પની જેમ આ સમર કેમ્પ એ પણ બાળક અને પ્રભાત ટીમ બંનેને આનંદ કરવાનો, કંઈક સર્જન કરવાનો અવસર આપ્યો. અહી કોઈએ નવું શીખ્યું તો કોઈએ પોતાનો 'ડર' તોડ્યો. દરેક સ્તરે અહી શીખવાની પ્રક્રિયા થઇ. પ્રભાતના શિક્ષકો પણ હંમેશા શીખવાના અભિગમ સાથે દરેક પ્રવૃતિઓ કરે છે.

શીખવાની પદ્ધતિ અને તેનું સાધન બંને માટે પ્રભાત ટીમ હંમેશા નવું નવું વિચારતી હોય છે અને તેથી જ સમર કેમ્પ દરમ્યાન અવનવા, રસપ્રદ ટીચિંગ લર્નિંગ મટેરિયલ (ટી.એલ.એમ.) બનાવે છે. આ બનાવતા બનાવતા જે અનુભવો થયા છે તે અદભુત છે.



*વોકેશનલમાં સિલાઈના શિક્ષક અનીતા બહેન પોતાનો અનુભવ રજુ કરતા કહે છે કે, સિલાઈમાં પણ ગણિત , ડ્રોઈંગ બધું હોય છે. તો તેને ધ્યાને રાખીને પણ ટી.એલ.એમ બનાવી શકાય છે, એ મને સેજલબેન દ્વારા નવા વિચારો મળ્યા. તેથી જ પૂઠા પર ટાંકા અલગ અલગ પ્રકારના લેવા, ગણતરી વગેર માટે મે બાળકો સાથે રહીને ટી.એલ.એમ. બનાવ્યાં. અ પ્રક્રિયાથી બાળકો તો શીખ્યા પણ હું પણ શીખી અને હવે મારા વિદ્યાર્થીઓને હું વધારે ઝડપથી અને સરળ રીતે સમજાવી શકીશ.*



*પ્રભાતની ટીમના જ વાલી કાર્યકર જેમની દિકરી પણ વિશિષ્ટ જરૂરીયાત ધરાવતું બાળક છે, એ પોતાની લાગણીને વ્યક્ત કરતા કહે છે કે, એક દિવસ હું જયારે ઘરે ગઈ ત્યારે મારી નાની દિકરીએ મને કહ્યું, ' મમ્મી તને એક વસ્તુ બતાવું? '' જો આ મે દીદી માટે બનાવ્યું. એણે 1 થી 10 ની ગણતરી અને આકારની ઓળખ બતાવતું ટી.એલ.એમ. બનાવ્યું હતું. મે કહ્યું કે, તને કઈ રીતે આવડ્યું. તો કહે કે, " મે તમારા મોબાઇલમાં વિડીયો જોયા અને શીખી" . હવે તે દરરોજ તેની દીદીને આ ચાર્ટ દ્વારા શીખવે છે. આ જોઇને મને થયું કે, "મારી દિકરી કેટલી મોટી થઇ ગઈ છે? "*



*સ્પેશયલ બી.એડ. કરતી વખતે પણ બંને વર્ષોમાં થ્રી ડી ચાર્ટ બનાવી નતી શકી. અહી આવીને પણ તે જોઉં તો લાગે કે હું બનાવું . પણ ખબર નહિ, નહિ આવડે એવું જ લાગતું. આ સમર કેમ્પ દરમ્યાન એ ડર તો દુર થયો અને બાળકોની સાથે રહી મે થ્રી ડી ચાર્ટ બનાવ્યું. હું શીખી અને બાળકો પણ શીખ્યા.*


આમ, સમર કેમ્પ કશુક મેળવવાનું , કશુક આપવાનું અને સહિયારું આનંદ- ઉલ્લાસ નો અનુભવ કરાવતો રહ્યો.

## કાર્યક્રમની ઝલક



**આંગણવાડીમાં સમર કેમ્પ:** વટવા વિસ્તારની રજનીકુંજ વિસ્તારની આંગણવાડી કેન્દ્ર નંબર 17માં ' મુક્ત રમત' ના અભિગમને ધ્યાનમાં રાખીને બે દિવસ પ્રવૃત્તિ કરવામાં આવી. જેમાં આર્ટ ક્રાફ્ટ, કન્સ્ટ્રકશન, મોટર ડેવલપિંગ,કોગ્નેટીવ સ્કીલ એમ ચાર કોર્નર માટેની સાધન સામગ્રી લેવામાં આવી હતી. બાળકોને જે પ્રવૃતિઓ કરવી હોય એમાં તેમને જવાની 'છુટ' હતી. ઉપરાંત, બેરલ માર્કેટના ગુલમહોર આંગણવાડી અને આયેશા ડુપ્લેક્ષમાં પણ સમર કેમ્પ કરવામાં આવ્યો. સમગ્ર પ્રક્રિયામાં બાળકોએ ખુબ જ ઉત્સાહ સાથે ભાગ લીધો અને પ્રભાત માટે પણ પ્રથમ વખત કોર્નરનો અનુભવ રસપ્રદ રહ્યો હતો.

**પોગ્રેસ રીપોર્ટ** : એ દિવસ પ્રભાત અને વાલી બંને માટે ઉત્સવ સમાન હોય છે. આખા વર્ષમાં જે પોતાના બાળકે નવું શીખ્યું છે એને 'વધાવવાનો' દિવસ એટલે પ્રોગ્રેસ રીપોર્ટ આપવાનો દિવસ. બાળકની નાની મોટી સિદ્ધિને પારખવી અને આગળ કઈ શક્યતાઓ છે તેને અહી જોવામાં આવે છે. વર્ષના અંતમાં થતી આ પ્રક્રિયા દરમ્યાન વાલીના ચહેરા પર આશાની ચમક હતી અને તેના શિક્ષકો પર એક ગર્વ નો અહેસાસ હતો.



ખાસ કરીને ભાઈપુરા સેન્ટર પર આ પ્રથમ પોગ્રેસ રીપોર્ટ આપવાની પ્રક્રિયાનો પહેલો અનુભવ હતો. વાલીઓએ પોતાના બાળક માટે અન્ય બાળકની જેમ રીપોર્ટ કાર્ડ આપવામાં આવશે એવું વિચાર્યું ન હતું ત્યારે કાર્ડ જોઇને એમના ચહેરા પર ખુશીનો પાર ન હતો. આ પ્રક્રિયાએ તેમને વધારે ઉત્સાહિત કરી હોય એવું લાગ્યું હતું.



**વાલી મીટીંગ** : વટવા અને ભાઈપુરા  સેન્ટર પર વાલી સાથે મીટીંગ કરવામાં આવી. જેમાં આવનાર સત્રમાં બાળકો સાથે નિયમિતતા અને ઘરે બાળકો સાથે શીખવાનો મહાવરો થતો રહે તે બાબત પર ધ્યાન આપવામાં આવ્યું.

**સમર કેમ્પ એક પરંપરા – શીખ, અભિવ્યક્તિ અને સમૃદ્ધ અનુભવનો ત્રિવેણી સંગમ:** મે મહિનાથી શરૂઆતમાં સમર કેમ્પનો બીજો તબક્કો મે મહિનાની  17 તારીખ સુધી ચાલ્યો હતો. ખાસ કરીને આ મહિનામાં આંગણવાડી, શાળા અને સેન્ટર સમર કેમ્પથી ધમધમતા હતા. બાળકોએ વેસ્ટમાંથી બેસ્ટ અને અન્ય લો કોસ્ટ વસ્તુઓમાંથી શીખવા માટેની સામગ્રીનો જાણે ખજાનો તૈયાર કરી નાખ્યો હતો. ચોક્કસ પ્રભાત ટીમ દ્વારા આ માટે પૂર્વ તૈયારીઓ કરવામાં આવી હતી. બાળકો માટે કયા પ્રકારની સામગ્રી બનાવવી તેનું આયોજન કરીને તેનો અમલ કર્યો હતો. સમર કેમ્પ દરમ્યાન તૈયાર કરાયેલ ટીચિંગ લર્નિંગ મટેરિયલનું સેન્ટર સ્તરે પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેની વાલીઓએ મુલાકાત લીધી હતી. વાલીના ચહેરાઓ પર આનંદશ્ચય જોવા મળ્યો હતો. આકર્ષક અને સમૃદ્ધ સામગ્રી આગળ બાળકો સાથે કાર્ય કરવામાં વધારે અસરકારક રહેશે. 700 થી વધુ અન્ય બાળકો અને 300 પ્રભાતના બાળકો આ સમર કેમ્પમાં સહભાગી બન્યા હતા.





સમર કેમ્પ દરમ્યાન જી.જી.આઈ.એસ..થી વૃતિ નામના વિદ્યાર્થી જોડાયા હતા. જેમણે બાળકો સાથે વિવિધ પ્રવૃતિઓ કરી હતી. તેમના અનુભવ જણાવતા કહે છે કે, ***"આ ઇન્ટર્નશીપ ખરેખર જીવન બદલી નાખનારી હતી. બાળકોની અંદર રહેલ તેમની શક્તિ, આનંદ અને લચીલાપણુંએ મને પ્રભાવિત કર્યા. દરેક દિવસ હૂંફ, શિક્ષણનો અનુભવ કર્યો છે. હું હંમેશા તેમની વાર્તાઓ અને સ્મિત મારી સાથે રાખીશ – તેઓ મારા ખરા અર્થમાં સાચા શિક્ષકો બન્યા."***

**વોકેશનલ : નોન ફાયર કુકિંગ** : પ્રી વોકેશનલ અને વોકેશનલમાં બાળકો સાથે સમયાંતરે પ્રેક્ટીકલ પ્રવૃત્તિ પણ કરાવવામાં આવે છે. જે અન્વયે આશિમા અને માન્યા વોલીયેન્ટર દ્વારા બાળકો સાથે નોન ફાયર કુકિંગની વાનગીઓ બનાવવામાં આવી હતી. બાળકના સ્તરને ધ્યાનમાં રાખીને કઈ રીતે એમની સાથે પ્રવૃત્તિ કરવી તેનું દિશાનિર્દેશ કરવામાં આવ્યું.  આ સમગ્ર પ્રક્રિયામાં થોડી મૂંઝવણ, થોડો ડર, કંઇક નવું કરવાનો રોમાંચનો અહેસાસ હતો. પોતે ક્યારેય કુકિંગ કે રસોડાની પ્રવૃતિઓ ન કરતા પ્રભાતમાં બાળકો સાથે પ્રવૃત્તિ માટે પ્રથમ પોતે શીખ્યા અને આવી ને બાળકોને તે શીખવ્યું જેનો તેમને સંતોષ હતો. અને બાળકોને શીખવતા શીખવતા પોતે પણ ઘણું શીખ્યા એવું તેમણે કહ્યું.



## હિમાયત (એડવોકસી )



**સમાવેશી શિક્ષણ પર અભ્યાસ** : સમાવેશી શિક્ષણના અભ્યાસ સંદર્ભે રાજકોટ શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારી પ્રતિનિધિની મુલાકાત જીલ્લા બાળ સુરક્ષા અધિકારી, મદદનીશ સામાજિક કલ્યાણ અધિકારીના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા.  શ્રી યુનીક વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ અને ધ સોસાયટી ફોર ધ મેન્ટલી રીટાયર્ડડ રાજકોટ ના પ્રતિનિધિ સાથે બેઠક કરી સંસ્થા દ્વારા ડેટા કલેક્શન માં સહયોગ કરવા સંકલન કરવામાં આવ્યું.

આંબેડકર ઓપન યુનીવર્સીટીના પ્રોફેસર ડો. નિગમ પંડયા સાથે અભ્યાસ સંદર્ભે વાત કરી નિષ્ણાંત તરીકે ઈન્ટરવ્યુ લેવામાંઆવ્યો. તથા યુનીવર્સીટી સાથે ડેટા કલેક્શન માટે સહયોગ માટે રજૂઆત કરવામાં આવી



**નેટવર્કિંગ** : દર વર્ષની જેમ ૩૦ એપ્રિલ અને ૧૨ જુન વચ્ચેના ૪૪ દિવસો દરમિયાન દેશભરમાં 44 દિવસની ઝુંબેશ બાળ મજૂરી નાબૂદી મુદ્દે એક અભિયાન ચલાવવામાં આવે છે. ગુજરાતમાં તેના ભાગરૂપે યુનિસેફ અને બાળ અધિકાર સમૂહ ગુજરાત સાથે રહીને બે દિવસીય કાર્યશાળાનું અયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદેશ્ય ગુજરાત રાજ્ય સરકાર દ્વારા બાળ સુરક્ષા નીતિ નો સૂચિત મુસદો તૈયાર થયો છે તે અન્વયે બાળકો સાથે કાર્ય કરતી સંસ્થાઓના સુઝાવો અને સૂચનો લેવાનો હતો. જેમાં પ્રભાતના પ્રતિનિધિ પણ સહભાગી રહ્યા હતા. ખાસ કરીને બાળ સુરક્ષામાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોની સ્થિતીને ધ્યાનમા રાખીને પ્રભાત દ્વારા સૂચનો કરવામાં આવ્યા હતા. કાર્યશાળામાં બાળ સુરક્ષાની સરકારની યોજના વિષે અને તેના આવનાર આયોજન વિષે પણ પ્રેઝન્ટેશન અસરકારક રહ્યું હતું.



**સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરો માટેની સામાજિક સુરક્ષા વિષય પર ચિંતન શિબિર** : ગુજરાત ની સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ હાજર રહ્યા હતા અને સામાજિક સુરક્ષા સંદર્ભે સંભવિત ઉકેલોની ચર્ચા અને માહિતી રજુ કરવામાં આવી હતી. જેમાં આવેલ સંસ્થાનોની માહિતીના આધારે સામજિક સુરક્ષાનું વિશ્લેષણ કરવમાં આવ્યું હતું. ઉપરાંત, નેશનલ ફાઉન્ડેશન ફોર ઇન્ડિયા, સેવા વીમો ના પ્રતિનિધિ એ સામાજિક કાર્યકરો માટેની વીમાની માહિતી આપી. આગળ સંસ્થા પાસે વિકલ્પો છે તેને ધ્યાને રાખીને તે દિશા નક્કી કરી શકશે ઉપરાંત બંને સાથે રસ ધરાવતી સંસ્થાઓ સાથે ઓનલાઈન મીટીંગ નું આયોજન છે.

## ધરોબો

દિવ્યાંગ લોકો માટે બનાવેલી સરકારી યોજનાઓ સરળ રીતે પહોંચે અને તેનો ઉપયોગ કરીને ખરા અર્થમાં તેઓ સ્વાવલંબી બને તે માટે પ્રભાત સરકાર સાથે સંકલન કરે છે. જેના ભાગરૂપે મણિનગર વિધાનસભા તથા પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા વિના મુલ્યે સાધન સહાય વિતરણ કેમ્પનું આયોજન ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય હેઠળ, ALIMCO (આર્ટિફિશિયલ લિમ્બ મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) ના મજબૂત સમર્થન સાથે કરવામાં આવ્યું. જેમાં ૩૫૦થી વધુ દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકોને ઈલેક્ટ્રોનિક અને સાદી ટ્રાઈસીકલ, વ્હીલચેર, ફોલ્ડેબલ વોકર,બ્રેશ, સ્પાઈનલ સપોર્ટ બેલ્ટ વગેરે 1000 થી વધુ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં રાજ્યના ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, અમદાવાદના મેયર, સંસદ શ્રી દિનેશભાઈ, ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટ અને પ્રભાત સંસ્થાના ટ્રસ્ટીશ્રી અશોકજી અને રેણુ બહેન સહભાગી બન્યા હતા.




•પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન અને મણિનગર વિધાનસભા દ્વારા

દિવ્યાંગ જન-વરિષ્ઠ નાગરિકો માટે વિના મુલ્યે સાધન વિતરણ

## સહાયક સેવાઓ

મેડીકલ સર્ટીફીકેટ -02 ફોર્મ, રેલ્વે પાસ માટેના ફોર્મ -02, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -03, પેન્શન માટેના ફોર્મ -02 માટે ફોર્મ ભરવામાં આવ્યા

*' ROSHNI' વેચાણ માટે નથી, ફક્ત શૈક્ષણિક અને જાગૃતિ અર્થે ખાનગી વિતરણ માટે છે. જેના કોપીરાઈસ પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન પાસે છે .

**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org